વિના મુલ્યે

અરજી પત્રક નંબર :

# ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન

( ગુજરાત સરકારની સંસ્થા )
વિશ્વ કર્મા મંદિર સામે, સેકટર–૧૨, ગાંધીનગર. ૩૮૨૦૧૬
ફોન નંબર : ૨૩૨૨૩૪૪૯ ફેકસ નંબર : ૨૩૨૨૧૫૯૮
website: www.rtigujarat.org

## માટીકામ કરતાં કારીગરો માટે ૧૦૦ ટકા સબસીડીના ધોરણે વિનામુલ્યે ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠીની સહાય મેળવવા માટેનું અરજી પત્રક

### ફોર્મ ભાગ :૧ કારીગરોની પ્રાથમિક વિગતો

| ક્રમ | કારીગરનું નામ | સંપૂર્ણ સરનામું | ઉંમર વર્ષ | ઘરના સભ્યોની સંખ્યા | કેટલા સમયથી માટીકામ કરો છો ? | સંપર્ક નંબર | પાસપોર્ટ સાઈઝનો ફોટો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |

### ફોર્મ ભાગ :૨ કામગીરીની વિગતો

૨. માટીના આર્ટીકલ્સ ઉત્પાદનની વિગતો :

| ક્રમ | કારીગરનું નામ | ઉત્પાદનની વિગતો | | | |
|---|---|---|---|---|---|
| | | મુખ્ય આર્ટીકલ્સનું નામ | અંદાજિત માસિક ઉત્પાદન નંગમાં | અંદાજિત માસિક વેચાણ નંગમાં | અંદાજિત માસિક આવક રૂા. |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

૩. હાલની ભઠ્ઠીની વિગત :

| ક્રમ | કારીગરનું નામ | ઉત્પાદનની વિગતો | | | |
|---|---|---|---|---|---|
| | | એક ભઠ્ઠીમાં કેટલા આર્ટીકલ્સ પકવો છો ? | | બળતણની વિગત | એક માસમાં કેટલી ભઠ્ઠી લો છો ? . |
| | | ખુલ્લા નિભાડામાં | બાંધકામ કરેલ નિભાડામાં | | |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

**૩. શરતો અને બોલીઓ :**

(૧) આ યોજના અન્વયે ઓછમાં ઓછા ૨ (બે) માટીકામ કરતાં કારીગરોના સમુહને રાજય સરકારની ૧૦૦ ટકા સહાયના ધોરણે આપવામાં આવશે.

(૨) અરજદારો માટીકામ વ્યવસાય સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા અને માટીકામની પ્રવૃતિ કરતા હોવા જોઈએ.

(૩) અરજદારોની ઉંમર ૧૮ વર્ષથી ૫૮ વર્ષ સુધીની હોવી જોઈએ.

(૪) સદર યોજના અન્વયે લાભ લેવા માટે અરજદારોએ સંસ્થા દવારા નિયત કરેલ અરજીપત્રકમાં જરૂરી વિગતો અને પ્રમાણપત્રોસાથે અરજી કરવાની રહેશે.

(૫) સંસ્થાના નીતિ નિયમો તેમજ ભઠ્ઠી બાંધકામ અંગેના જે તે સમયના ધારાધોરણો અરજદારોને બંધનકર્તા રહેશે. સંસ્થા દવારા જે શરતો બોલીઓ નકકી કરે તેનું પાલન કરવાનું રહેશે.

(૬) અરજદારોની કુંભારીકામ/માટીકામ વ્યવસાય માટે જે તારીખે અરજી કરે તે તારીખે પોતાની અથવા ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે ભાડા પટ્ટાની ઓછામાં ઓછી ૮૦૦ થી ૧૦૦૦ ચોરસ ફુટની ખુલ્લી જગ્યા હોવી જરૂરી રહેશે.

(૭) અરજદારોએ ઉર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ ફકત કુંભારીકામ/ માટીકામ વ્યવસાય માટે જ કરવાનો રહેશે અને જો તેનો દુરુપયોગ જણાશે તો સંસ્થા કાયદેસરની કાર્યવાહી કરશે.

(૮) અરજદારોએ જુથમાં અરજી કરેલ હોય તેવા કિસ્સામાં તેઓ જુથમાં સદર ઉર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ કરશે તેવું રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટીરાઈઝ બાંહેધરી આપવાની રહેશે.

(૯) અધુરી વિગતોવાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. તેથી તમામ વિગતો અને જરૂરી દસ્તાવેજો સાથેનું અરજીપત્રક મોકલવાનું રહેશે.

(૧૦) ભઠ્ઠી અંગેની કોઈપણ પ્રકારની સહાય રોકડમાં ચુકવવામાં આવશે નહિ. સહાય ફકત ઉર્જા બચાવતી ભઠ્ઠીના સ્વરૂપે જ આપવામાં આવશે.

(૧૧) અરજદારોએ રજુ કરેલ પ્રમાણપત્રોની નકલના અસલ દસ્તાવેજો સંસ્થા માંગે ત્યારે ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે.

(૧૨) અરજદારોએ સર્વસંમતિથી આપેલ બાંહેધરી પત્ર મુજબ ઉર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ ફરજિયાતપણે કરવાનો રહેશે.

(૧૩) અરજદારોએ ઉર્જા બચાવતી ભઠ્ઠી બાંધવા માટે જે જમીન પર ભઠ્ઠી બાંધવા માંગતા હોય તે જમીનની માલિકી અંગેના જરૂરી દસ્તાવેજો અરજીપત્રક સાથે રજુ કરવાના રહેશે. બાંધકામની પરવાનગી માટે પરવાનગી/રજાચીઠ્ઠી જે તે ગ્રામ પંચાયત/નગરપાલિકા/ કે સક્ષમ ઓથોરીટીની મેળવવાની રહેશે.

(૧૪) શરતો અંગે જો કોઈ ગેરસમજ થાય તો સંસ્થાના નિયામકશ્રીનો નિર્ણય આખરી અનુ બંધનકર્તા રહેશે.

(૧૫) અરજદારોએ ઉર્જા બચાવતી ભઠ્ઠી જે જગ્યાએ બાંધવાની છે તે જગ્યાએ ગ્રામ પંચાયત/ નગરપાલિકા કે અન્ય વ્યકિતને વાંધો નથી તેવું પ્રમાણપત્ર અરજદારે સબંધિત ગ્રામ પંચાયત/નગરપાલિકા કે સબંધિત ઓથોરીટી પાસેથી મેળવી અરજીપત્રક સાથે રજુ કરવાનું રહેશે.

(૧૬) આ યોજના ફકત ગુજરાત રાજયના કુંભારીકામ/ માટીકામ સાથે સંકળાયેલા કારીગરો માટેની જ છે.

(૧૭) ઉર્જા બચાવતી ભઠ્ઠી તૈયાર થયા બાદ ઉપભોકતાઓએ ભઠ્ઠીની ઉપયોગીતા અંગેનો અહેવાલ / રીપોર્ટ દર ૩ માસે સંસ્થાને મોકલવાનો રહેશે.

(૧૮) ભઠ્ઠી બાંધકામ અને ઈન્સટોલેશન બાદ ભઠ્ઠીની જાળવણી અને મરામત બાબતે થનાર ખર્ચ લાભાર્થીઓએ સ્વખર્ચે કરવાનો રહેશે.

ઉપરોકત મુજબની ક્રમાંકઃ ૧ થી ૧૮ મુજબની શરતો અને બોલીઓ વાંચી છે અને તે અમોને કબુલ મંજુર છે.

| ક્રમ | અરજદારનું નામ | સહિ અથવા હાથના અંગુઠાનું નિશાન |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |

૪. અરજદારોએ અરજી ફોર્મ સાથે રજુ કરવાના આધાર પુરાવા/પ્રમાણપત્રોની વિગતઃ

(૧) અરજદારોના રેશનકાર્ડની સ્વપ્રમાતિણ નકલ

(૨) અરજદારોના ઉમરના પુરાવા અંગેના પ્રમાણપત્ર

(૩) ઉર્જા બચાવતી ભઠ્ઠી બાંધવા માટે જગ્યાઅની માલિકી અંગેના અથવા ભાડા પટ્ટાના દસ્તાવેજ પુરાવા અને બાંધકામની પરવાનગી માટે જે તે ગ્રામ પંચાયત/નગરપાલિકા કે સક્ષમ ઓથોરીટીની પરવાનગી/ રજાચીઠ્ઠી

(૪) જુથમાં અરજી કરેલ હોઈ અરજદારોએ જુથમાં ઉર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ કરશે તે મતલબનો નોટીરાઈઝ કરેલ રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી પત્ર.

(૫) હાલમાં અરજદાર કુંભારીકામ/માટીકામ કરે છે તે અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર. ( તલાટી/મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/જિલ્લા વિકાસ અધિકારી/ચીફ ઓફીસર/જનરલ મેનેજર જિલ્લા ઉધોગ કેન્દ્ર)

(૬) કારીગર કાર્ડસ હોય તો તેની નકલ.

(૭) કુંભારીકામ/ માટીકામની તાલીમ લીધેલ હોય તો તેના પ્રમાણપત્રની નકલ.

(૮) કુંભારીકામ/ માટીકામ અંગેના કોઈ એવોર્ડ મળેલ હોય તો તેની નકલ.

(૯) સબંધિત અધિકારી/સ્થાનિક સ્વરાજયની સંસ્થાન ના વાંધા પ્રમાણપત્ર.

(૧૦) પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસ ( અરજીપત્રકમાં નિયત કરેલ જગ્યાએ ચોંટાડવા)

# ના વાંધા પ્રમાણપત્ર

( ગ્રામ પંચાયત/ નગરપાલિકા/મહાનગરપાલિકા કે અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાના લેટર પેડ/પત્ર ઉપર )

આથી અમો લખી આપીએ છીએ કે મોજે વિસ્તાર ––––––––––––––––––––––ગામ–––––––––– તાલુકોઃ––––––––––––જિલ્લોઃ ––––––––––ના રહીશ નામે,

| ક્રમ | સંપૂર્ણ નામ | ધંધો | વર્ષ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

ઓને અમો ઓળખીએ છીએ. અરજદારોએ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર દવારા નવ સંશોધિત કરેલ ઉર્જા બચાવતી ભઠ્ઠીના બાંધકામ અને ઈન્સ્ટોલેશન માટે અરજી કરેલ છે. ઉપર જણાવેલ વિગતે અરજદારો અત્રેના ગામ/શહેરના ઉપરોકત દર્શાવેલ સરનામે માટીકામનો વ્યવસાય કરે છે. તે બદલ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ઉપરોકત દર્શાવેલ નામવાળા અરજદાર કારીગરોને ૧૦૦ ટકા સબસીડીના ધોરણે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરની ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠી બાંધકામ અને ઈન્સ્ટોલેશન યોજનાનો લાભ મળે તે માટે અરજદારો દવારા રજુ કરવામાં આવેલ જગ્યાએ ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠી બાંધી આપવા અમોને કોઈપણ પ્રકારનો વાંધો નથી જેથી આ યોજનાનો લાભ અરજદારોને આપવા વિનંતિ છે.

સ્થળ : –––––––––––––––– સહિ : ––––––––––––––––––

તારીખ : –––––––––––––––– ( તલાટી/ચીફ ઓફીસર/કમિશ્નર/ સક્ષમ અધિકારી )

( નોંધ : ના વાંધા પ્રમાણપત્ર લેટર પેડ ઉપર કે કાગળ ઉપર સહિ સિકકા સહિત રજુ કરવાનું રહેશે.)

# રૂા. ૩૦૦/– સ્ટેમ્પ પેપર ઉપર નોટીરાઈઝડ કરવાનું

## બાંહેધરી પત્રક

લખાવી લેનાર : નિયામક
ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર
વિશ્વકર્માજીના મંદિર સામે, સેકટર–૧૨, ગાંધીનગર– ૩૮૨૦૧૬.

લખી આપનાર : (૧) નામ : ––––––––––––––––––––––– ઉંમર વર્ષ : –––––– ધંધો : ––––––––––

(૨) નામ : ––––––––––––––––––––––– ઉંમર વર્ષ : –––––– ધંધો : ––––––––––

તમામ અરજદારો ઠે. ––––––––––––––––––––––––––– મુ. ગામ : –––––––––તાલુકો : ––––––––––
જિલ્લો : ––––––––––ના રહેવાસી છીએ. આજ રોજ નીચે મુજબ બાંહેધરી લખી આપીએ છીએ કે,

(૧) અમો અરજદારોને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર દવારા અમારા માટીકામના વ્યવસાય માટે નવી સંશોધિત કરેલ ઉર્જા બચાવતી ભઠ્ઠી તૈયાર કરેલ છે. જેની જાણકારી અમોને મળેલ છે. સદરહું ભઠ્ઠી અમારા માટીકામના વ્યવસાયમાં ઉપયોગી જણાયેલ છે. જેથી અમોએ સદરહું ભઠ્ઠી બાંધી આપવા અરજી કરેલ છે.

(૨) અમો અરજદારો માટીકામ સાથેના ધંધામાં પરંપરાગત રીતે –––––– વર્ષથી સંકળાયેલા છીએ અને માટીકામની પ્રવૃતિ કરી રહયા છીએ.

(૩) અમો અરજદારો સદરહું ઉર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ ફકત માટીકામના વ્યવસાય માટે જ કરીશું અને તેનો દુરુપયોગ જણાશે તો સંસ્થાન કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

(૪) અમો અરજદારોએ ઉર્જા બચાવતી ભઠ્ઠીની રજુ કરેલ અરજીમાં રજુ કરેલ પ્રમાણપત્રો/ દસ્તાવેજો સંસ્થાન માંગે ત્યારે ચકાસણી માટે રજુ કરીશુ.

(૫) અમો અરજદારો ઉર્જા બચવતી ભઠ્ઠીનો ઉપયોગ ઓછામાં ઓછા બે કારીગરોના જુથમાં કરીશું અને વધુમાં વધું લોકોને સદરહું ભઠ્ઠીની માહિતિ અને જાણકારી આપી પ્રચાર કરીશું.

(૬) અમો અરજદારો ફકત ગુજરાત રાજયના રહેવાસી છીએ અને કુંભારીકામ/માટીકામના વ્યવસાય સાથે સંકળાયેલા છીએ.

(૭) શરતો અને બોલીઓ અંગે કોઈ ગેરસમજ થાય તો સંસ્થાનના નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે અને અમોને બંધનકર્તા રહેશે.

(૮) અમો અરજદારોએ આ બાંહેધરી પત્ર સર્વ સંમતિથી,કોઈપણ જાતની ધાક ધમકી વગર બિનકેફે હાલતમાં લખી આપેલ છે. ઉપરની શરતો અને બોલીઓ અમોએ વાંચી છે. જે અમોને કબુલ મંજુર છે.
( નોંધ : બાંહેધરી પત્રકમાં અરજદારોએ પાસપર્ટ સાઈઝનો ફોટો લગાવી નોટરી કરાવવી )

લખી આપનાર અરજદારો :

(૧) નામ : –––––––––––––––––––––––ફોટો : સહિ : ––––––––––––––

(૨) નામ : –––––––––––––––––––––––ફોટો : સહિ : ––––––––––––––